-----------------

## પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

## જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૨૦૧૪.

ગુજરાત પંચાયત અધિનિયમ,૧૯૯૩

ક્રમાંક:કેપી/૨૦૧૩નો ૩૬/ પીઆરઆર/૧૦૨૦૧૩/૧૮૪૮/ખ.:-ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ સાથે વાંચતાં, કલમ ૨૨૭ની પેટા-કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમોને રદ કરીને,ગુજરાત સરકાર, આથી, ઉચ્ચ-પંચાયત સેવામાં, જુનિયર કારકુન / હિસાબી કારકુન, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, જુનિયર કારકુન / હિસાબી કારકુન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૩કહેવાશે.

૨. ઉચ્ચ પંચાયત સેવામાં, જુનિયર કારકુન / હિસાબી કારકુન, વર્ગ ૩-ની જગા ઉપરની નિમણૂક,-

(ક) જેણે,-

(૧) નિમ્ન પંચાયત સેવામાં,વર્ગ ૪-નાસંવર્ગમાં ઓછામાં ઓછા ચાર વર્ષ કામ કરેલું હોય;

(૨) બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,અને

(૪) માધ્યમિક અને/ અથવા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોય અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે-

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે કારણોની લેખિતમાં નોંધ કરીને, પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી ભરતીથી કરવી જોઇશે:

પરંતુ બઢતીથી ભરવાની જગાઓની સંખ્યા, કોઇપણ વખતે, બઢતીને પાત્ર હોય તેવા ઉમેદવારની ઉપલભ્યતાને અધીન રહીને, સંવર્ગના સંખ્યા બળના ૨૦%થી વધારે થવી જોઇશે નહિ.

3. નિયમરમાં જણાવેલ જગા ઉપર સીધી ભરતીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૨૮વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી જ ગુજરાત પંચાયત સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી જ ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે-

(ખ) માધ્યમિક અને/ અથવા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે:

પરંતુ હિસાબી કારકુનના કિસ્સામાં, ઉમેદવારે ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, વિષયો પૈકીના એક વિષય તરીકે ગણિતશાસ્ત્ર અથવા એકાઉન્ટન્સી સાથે પાસ કરેલી હોવી જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી ભરતીથી નિમણૂક પામેલા ઉમેદવારે એક વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી ભરતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, સરકારે ઠરાવેલા નિયમોની જોગવાઈઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી ભરતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી ભરતીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી ભરતીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી ભરતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. આર. ભગોરા,

સરકારના ઉપ સચિવ.